ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૩.૫ ડીગ્રી
લઘુતમ : ૦૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૯ ટકા

# ગાંધીનગરમાં જ સૌથી વધુ કેમ ?

## બીજા શહેરો કરતાં ગાંધીનગર સૌથી ઠંડુગાર : શહેરમાં ખુલ્લા મેદાનો, ગ્રીનરીના કારણે ઠંડી વધારે



ગાંધીનગર, તા. ૨૪

શિયાળા દરમિયાન ગાંધીનગરમાં ઠંડીનો પારો ૪ થી ૫ ડિગ્રી નોંધાય છે. ઠંડીનું જોર બીજા શહેરો કરતા ગાંધીનગરમાં વધારે નોંધાય છે. બીજા શહેરો કરતા ત્રણ ડીગ્રીનો ફેરફાર ગ્રીન સીટીમાં જોવા મળી રહ્યો છે. ત્યારે એક પ્રશ્ન એવો ઉપજે છે કે ગાંધીનગર આટલું ઠંડુગાર કેમ થઈ જાય છે ? અમદાવાદમાં ગાંધીનગર કરતા ઠંડીનું પ્રમાણ ઓછુ હોય છે. ઘણીવાર ગાંધીનગરમાં નલિયા જેવી સ્થિતિ જોવા મળે છે. ગાંધીનગરમાં પહેલા કરતા ગ્રીનરીનું પ્રમાણ ઓછુ થયુ છે. પરંતુ બીજા શહેરો કરતા ગાંધીનગરમાં ગ્રીનરી વધારે કહી શકાય. વૃક્ષોની હરિયાળીના કારણે શહેરમાં ઠંડીના મોજા દર વર્ષે જોવા મળી રહ્યા છે. દિવસ દરમિયાન ક્યારેક ગરમીનો અનુભવ થતો હોય અને સાંજ પડતા જ કડકડતી ઠંડી પ્રસરી જાય છે. કડકડતી ઠંડીનો અનુભવ કાશ્મીરી પ્રદેશોમાં અનુભવાતો હોય તેવો જ અનુભવ ગાંધીનગરમાં કાશ્મીરી પ્રદેશોમાં ફર્યા વગર થઈ જાય છે. દર વર્ષે ગાંધીનગરમાં ઠંડીનું પ્રમાણ સૌથી વધુ નોંધાતુ ચાલ્યુ છે. જેનું કારણ ગાંધીનગરની હરિયાળી છે. ગાંધીનગરમાં પ્રવેશતા જ જંગલમાં પ્રવેશ થયો હોય તેવું અનુભવાય છે. માર્ગોની આજુબાજુ લીલાછમ વૃક્ષોના કારણે શિયાળામાં ઠંડા પવનોની અનુભૂતિ થાય છે. હિમ પ્રદેશમાં પડતી ઠંડી શહેરમાં શિયાળાની ઋતુ દરમિયાન પથરાઈ જાય છે. જ્યાં વૃક્ષોનું પ્રમાણ હરિયાળી વધારે હોય છે તેવા સ્થળો પર વરસાદ, ઠંડીનું પ્રમાણ બીજા બધા વિસ્તારો કરતાં હંમેશા વધારે જ જોવા મળે છે. ઉત્તરાયણ આવતાની સાથે ઠંડીમાં પણ વધારો થયો છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. તેમજ રાજસ્થાનના માઉન્ટ આબુમાં પણ માઈનસ ૪ ડિગ્રી તાપમાન નોંધાય છે. પોષ માસની કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ભારતમાં પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાથી સમગ્ર રાજ્યમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. અને ઠંડા પવનોને કારણે કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ઉત્તર ભારતમાં તાપમાન ગગડતાં તેની અસર મેદાની પ્રદેશો બાદ છેક ગાંધીનગર સુધી અનુભવાઈ રહી છે. શહેરીજનો મોર્નિંગ વોકમાં જઈ રહ્યા છે. તો કેટલાક શહેરીજનો તાપણાનો સહારો લઈ રહ્યા છે.

હવામાન વિભાગના અહેવાલ મુજબ સોમવારે ગુજરાતમાં સૌથી વધુ ઠંડી ગાંધીનગરમાં પડી હતી. હજી પણ ઠંડીમાં વધારો નોંધાશે તેવી આગાહી થઈ છે. વર્તમાન ઠંડા પવનની અસર બે થી ત્રણ દિવસ જોવા મળી શકે છે. ગાંધીનગરમાં શીત લહેર થોડા દિવસો યથાવત રહેશે. ગાંધીનગરમાં ખુલ્લા મેદાનો વધારે છે. અમદાવાદ જેવા સીટી વિસ્તારોમાં ગીચતા વધારે જોવા મળે છે. જ્યારે ગાંધીનગરમાં ખુલ્લી જગ્યા વધારે છે. ખુલ્લા વિસ્તારોમાં ઠંડા પવનો સીધા પ્રવેશ કરે છે.

> ગાંધીનગરમાં ગ્રીનરીને જાળવી રાખવા માટે પાણીનો છંટકાવ કરવામાં આવે છે. ૧૦ એમ.એલ. પાણીનો છંટકાવ ગાંધીનગરમાં વૃક્ષોની જાળવણી કરવા હેતુસર કરવામાં આવે છે. શહેરને ગ્રીન સીટી તરીકેનું બિરૂદ કાયમી રહે તે માટે ખૂબ પ્રયાસો કરવામાં આવે છે.



વાયબ્રન્ટ સમિટ માટે આ વખતે જોરદાર તૈયારીઓ કરાઈ હતી. શહેરને ખુબ શણગાર્યું હતુ પરંતુ વાયબ્રન્ટ સમિટ યોજાય તે પહેલા જ કોરોનાના કેસોની સુનામી આવતા સમિટને મૌકુફ રાખવાની ફરજ પડી હતી. સમિટને પગલે મહાત્મા મંદિર પાસે નાંખવામાં આવેલા પેવર બ્લોકને હવે હટાવી લેવાયા છે. ટ્રેક્ટરો ભરીને પેવર બ્લોકને લઈ જવાઈ રહ્યા છે.

### પ્રજાસત્તાક દિને ગાંધીનગરના યુવાનો કરશે રક્તદાન

## સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ તથા હેપ્પી યુથ ક્લબ દ્વારા 'હેપ્પી રક્તદાન શિબિર'નું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે ઈંડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી આગામી તાઃ ૨૬મી જાન્યુઆરી, બુધવારના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ, બી - ૧ / બી - ૨ , બી - ૩ / ૭ ઈલેક્ટ્રોનિકસ જીઆઈડીસી, સતાધાર ઓટોમોબાઈલ પાસે, સેક્ટર -૨૫, ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન યોજાશે જેમાં યુવાનો દેશના વીર શહીદ જવાનોને સલામી અર્પણ કરવાના ઉદ્દેશ સાથે રક્તદાનનું સેવાકાર્ય હાથ ધરશે. "હેપ્પી રક્તદાન શિબિર"નો હેતુ કોરોના કાળને અનુલક્ષીને ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં આકસ્મિક સંજોગોના સમયે રક્તની માંગને પહોચી વળવા એકત્ર કરવામાં આવતા રક્તના પુરવઠામાં યોગદાન આપવાનો છે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પીટલની બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્તદાન કરનાર રક્તદાતાઓને સર્ટીફીકેટ તથા આકર્ષક શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવશે. આ રક્તદાન શિબિરમાં વધુમાં વધુ યુવાનોએ જોડાઈ પ્રજાસત્તાક પર્વના શુભ દિને રાષ્ટ્રસેવાના ભાગરૂપે શક્ય હોય તેટલા વધુ યુનિટ રક્તદાન કરવા તેમજ કરાવવા આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા પ્રથમવાર વાચક ગોષ્ઠિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૨૪

ભારતીય વિચાર મંચ ગાંધીનગર કેન્દ્ર દ્વારા નિયમિત પુસ્તકોનું વાંચન કરતાં હોય તેવા ગાંધીનગરના તમામ વાચકરસિકો માટે વાચકગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આપ સૌ વાચકોને ઉપસ્થિત રહેવા સાદર નિમંત્રણ છે. વાચકગોષ્ઠિ દર મહિને નિયમિતરૂપે થશે. કોરોનાની પરિસ્થિતિને કારણે આ વખતે વાચકગોષ્ઠિ ઓનલાઈન રહેશે. (Zoom platform) નિયમિત સારા પુસ્તકોનું વાંચન કરતા બધા જ પ્રબુદ્ધજનો આ ગોષ્ઠિમાં સહભાગી થઈ શકશે.વાચકગોષ્ઠિમાં તમારે અગાઉ વાંચેલા કોઈ પણ એક પુસ્તક વિશે ૫-૭ મિનિટમાં વાત કરવાની રહેશે. શક્ય હોય તો આ પુસ્તક સાથે રાખવુ જેથી બધાને બતાવી શકાય.પુસ્તક પરિચય બાદ અન્ય સદસ્યો એડમીનની મંજૂરીથી જે તે પુસ્તક વિશે ટૂંકી ટિપ્પણી કરી શકશે. સમયના અભાવે કોઈ વાચક રહી ન જાય તે માટે આપ અગાઉથી આપનું તથા પુસ્તકનું નામ નીચે દર્શાવેલ સંપર્ક પર નોંધાવી શકાશે. સારા વાચકો આ કાર્યક્રમના સહભાગી બને તે માટે તમારા પરિચિત વાચકોને આપ આમંત્રિત કરી શકશો. તારીખ ૨૭ જાન્યુઆરીએ યોજાનાર આ કાર્યક્રમની વધુ માટે અજયભાઈ રાવલ - 9723132892 અને ભરતભાઈ ગોહિલ - 9979933122 નો સંપર્ક સાધવા જણાવાયું છે.

### તેલુગુ સાહિત્ય અંગે આઇઆઇટી ગાંધીનગરના બે ઓનલાઈન પ્રવચનો

## સંસ્કૃત વિશે વાત કર્યા વિના તેલુગુ સાહિત્ય વિશે વાત કરી શકાતી નથી"- પ્રો. શ્રીનિવાસ રેડ્ડી

ગાંધીનગર, તા.૨૪

ઈન્ડિયન નોલેજ સિસ્ટમ્સ વૈકલ્પિક અભ્યાસક્રમની છઠ્ઠી આવૃત્તિના ભાગ રૂપે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી - ગાંધીનગરે બે ઓનલાઈન પ્રવચનો યોજ્યાં હતાં.જેમાં 'મધ કરતાં મધુરઃ ક્લાસિકલ તેલુગુ સાહિત્યનું આગમન અને ઉદય' અને ' વિશ્વનો વિજયઃ કૃષ્ણદેવ રાયનું અમુક્ત માલ્યાદા' નો સમાવેશ થાય છે. પ્રતિષ્ઠિત લેખક, અનુવાદક અને સંગીતકાર ડૉ. શ્રીનિવાસ રેડ્ડીએ તા.૨૦ અને ૨૧ જાન્યુઆરીના રોજ આ વાર્તાલાપ આપ્યાં હતા. વાર્તાલાપમાં ડૉ. શ્રીનિવાસે ભારપૂર્વક જણાવ્યું હતું કે "સંસ્કૃત વિશે વાત કર્યા વિના કોઈ તેલુગુ વિશે વાત કરી શકે નહીં, ઓછામાં ઓછું સાહિત્યિક દ્રષ્ટિકોણથી તો નહીં જ. ડૉ. શ્રીનિવાસે તેમના પ્રથમ વ્યાખ્યાનમાં તેલુગુ સાહિત્યના સંદર્ભમાં ભાષા, ઓળખ અને પ્રદેશના રસપ્રદ ઈતિહાસની ઝલક આપી હતી. તેમણે 'તેલુગુ' શબ્દના કેટલાક અનુમાનિત મૂળને પ્રકાશિત કરીને સત્રની શરૂઆત કરી હતી તેમાંના એકમાં ત્રિલિંગા સામેલ છે, ત્રણ મહાન શિવાલયો (તટીય આંધ્ર, તેલંગાણા, રાયલસીમા) કે જે ચોક્કસ પ્રદેશનું નકશા બનાવે છે. બીજાએ ટેને શબ્દને ટ્રેસ કર્યો, જેનો અર્થ મધ છે. તેલુગુ મધ જેવી મીઠી છે, જેણે પ્રથમ વ્યાખ્યાનના શીર્ષકને પ્રેરણા આપી હતી. તેલુગુ સાહિત્યનો વ્યાકરણ સહિતનો નોંધપાત્ર હિસ્સો સંસ્કૃતમાંથી મેળવેલા નમૂનાઓ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. તેમણે નન્નાયા આંધ્ર-મહાભારતમુ, સોમનાથ, પોટાના અને શ્રીનાથ જેવા કવિઓની ચર્ચા કરીને, ભાષાકીયકરણની બહુપક્ષીય પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરીને, શાસ્ત્રીય તેલુગુ સાહિત્યના આગમન અને ઉદય પર વિગતવાર વર્ણન કર્યું. આ પ્રક્રિયામાં, સાહિત્યની શરૂઆતમાં 'દેશી' પંક્તિ 'માર્ગ' અથવા ક્લાસિકલના દરજ્જા પર પહોંચી ગઈ હતી. ડૉ. શ્રી નિવાસની બીજી વાર્તાએ તેલુગુના પંચ-મહાકાવ્યમાંથી એક પર પ્રકાશ ફેંક્યો, જે અમુક્તમાલ્યાદા સોળમી સદીના વિજયનગરના રાજા કૃષ્ણ દેવરાય દ્વારા લખવામાં આવ્યો હતો. વિજયનગર સામ્રાજ્યના સમયગાળાને કેટલીકવાર તેલુગુ સાહિત્યનો સુવર્ણ યુગ કહેવામાં આવે છે કારણ કે મોટાભાગના દરબારીઓ તેલુગુ કવિઓ હતા, ખાસ કરીને તેમાંથી આઠ 'વિશ્વનો વિજય' જે લશ્કરી વિજયની નહીં, પરંતુ બ્રહ્માંડને જીતવાની કવિતાની શક્તિનો સંદર્ભ આપે છે.

## સ્વર્ણિમ પાર્ક ખાતે ૨૬મીના રોજ નિઃશુલ્ક યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૪

સ્વર્ણિમ પાર્ક ખાતે ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસના ગૌરવમય અવસર નિમિત્તે મહિલા પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની બાળાઓ, કિશોરીઓ અને મહિલાઓને સ્વસ્થ અને સશક્ત બનાવવાના ઉમદા હેતુસર ભવ્ય યોગ શિબિરનું આયોજન લક્ષ્ય આરોગ્ય અભિયાન અંતર્ગત કરવામાં આવ્યું છે. આ યોગ શિબિરમાં ગણતંત્ર દિવસની થીમને અનુરૂપ સફેદ ડ્રેસ ઉપર સફેદ, નારંગી અથવા લીલા રંગનો દુપટ્ટો પહેરવાની થીમ રાખી છે. આ શિબિરમાં પ્રાર્થના, વૈદિક હવન, ધ્યાન, સૂક્ષ્મ વ્યાયામ, ૧૨ પ્રકારની યોગીંગ જોગીંગ કસરતો, સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ અને આસનો, ગરબા યોગ, ઉત્તમ દિનચર્યા અને ઉત્તમ આહારનું માર્ગદર્શન, કોરોના વાયરસ જેવા ગંભીર પડકારો સામેના સરળ અને પ્રાકૃતિક ઉપાયોની જાણકારી પણ આપવામાં આવશે. આ નિઃશુલ્ક યોગ શિબિરના આયોજક ડૉ. નેહલ દેસાઈ (મહિલા પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ) છે. આ યોગ શિબિરનો લાભ લેવા તમામ નગરજનોને હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવ્યું છે.

## નવ પરગણા ૨૮૨ ગુરુ બ્રાહ્મણ સમાજના સમૂહ લગ્નનું આયોજન મોકુફ

ગાંધીનગર, તા. ૨૪

નવ પરગણા ૨૮૨ ગુરુ બ્રાહ્મણ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા ૧૯મા સમુહ લગ્નનું આયોજન ૧૭ ફેબ્રુઆરીના રોજ સેક્ટર-૬-ડી મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. પરંતુ હાલના સંજોગો પ્રમાણે કોરોનાની મહામારી ચાલતી હોવાથી રાજ્ય અને શહેરોમાં કોરોનાનું પ્રમાણ વધવાને કારણે સરકારની ગાઈડલાઈન મુજબ સમુહલગ્ન કરવાની મંજૂરી ન મળતા હાલ પૂરતા ૧૯મા સમુહ લગ્નનું આયોજન મોકૂફ રાખવામાં આવેલ છે. જ્યારે સરકાર દ્વારા સમૂહ લગ્ન કરવા માટે યોગ્ય છૂટછાટ આપવામાં આવે ત્યારે ફરી આયોજન કરવામાં આવશે તેવુ સમૂહ લગ્નોત્સવ સમિતિના પ્રમુખ રવિશંકર શાસ્ત્રી અને મહામંત્રી મોહનભાઈ શ્રીમાળી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## રાજપૂત સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૪

જીપીએસસી દ્વારા લેવાયેલી વર્ગ-૨ ની અધિકારીની પરીક્ષામાં આઠ રાજપૂત સમાજના યુવાનો સફળ થયા છે. ગુજરાત સરકારની વિવિધ જગ્યાઓ માટે ભરતી કરતી સંસ્થા ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા જાહેર કરેલ પરિણામમાં આઠ રાજપૂત યુવાનો વર્ગ-૨ની જગ્યા માટે પસંદગી પામ્યા છે. જેમાં ચુડાસમા કૃષ્ણકુમારસિંહ, વાળા ભગીરથસિંહ, ચાવડા હેતલબા, ચાવડા દેવેન્દ્રસિંહ, ચૌહાણ અજીતસિંહ, રાઠોડ મયુરધ્વજસિંહ, ગોહિલ પ્રદીપસિંહ તેમજ જાડેજા હરદીપસિંહ વર્ગ-૨ની જગ્યા માટે પસંદગી પામેલા ઉમેદવારોને પૃથ્વીસિંહ ચાવડા આજોલ ગામ તેમજ મનહરસિંહ વાઘેલા ચાંદખેડા ગામે અભિનંદન પાઠવ્યા છે.

## એસ.કે.પટેલ કે.જી.ઈંગ્લિશ મીડિયમમાં પિકનિક ડે યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઓનલાઈન પિકનિક ડે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ પિકનિક વિશે વાતો કરીને અને પિકનિક વિશે માહિતગાર કરીને આ દિવસની ઉજવણી કરી હતી. બાળકોએ પોતાની પિકનિકના ફોટાઓ ગ્રુપમાં શેર કરીને આનંદ માણ્યો હતો.

## અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પર લેક્ચર સિરીઝ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા કોલેજના અધ્યાપકો માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ લેક્ચર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં પ્રથમ ફેઈઝ તારીખ ૨૨ ને શનિવારના રોજ ૧૧.૩૦થી ૨.૩૦ દરમિયાન 'અલ્ટિમેટ સકસેસ જર્ની' વિષય પર ચર્ચા કરી હતી. જેમાં નિષ્ણાંત વક્તા અને ટ્રેનર તરીકે મહેન્દ્ર પોખરીયાલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત ઉદ્બોધન અને વક્તા પરિચય આપવામાં આવ્યો હતો. મહેન્દ્ર પોખરીયાએ તેમના વિષય ઉપર બોલતા જણાવ્યું હતું કે અલ્ટિમેટ સકસેસ માટે જીવનને જોવાનો દૃષ્ટિકોણ અને જીવનના પર્સનલ, પ્રોફેશનલ, સ્પિરિચ્યુઅલ, ફેમિલી તથા સોશિયલ પાસાઓને પણ ધ્યાનમાં રાખવા જોઈએ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. કૃપા ભટ્ટ અને ડૉ. નીના ગણેશન દ્વારા કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ.

## જે.એમ. ચૌધરી ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૪

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ની ઉજવણી અંતર્ગત શાળાની નેશનલ કક્ષાએ રમતો રમી શાળાને ગૌરવ અપાવેલ વિદ્યાર્થીની બેનોનું શાળાના આચાર્યા બેન રમીલાબેન ચૌધરી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આચાર્યાબેનના માર્ગદર્શનથી યોજાયો હતો. આ કાર્યક્રમનો ચિતાર શાળાના શિક્ષકોએ આપ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દેસાઇ ગીતાબેન સેંધાભાઇ, ઉ.વ. ૬૨, સે-૧૪, ગોકળપુરા
- સ્વ. મહેતા સંજયકુમાર કાંતિભાઇ ઉ.વ. ૫૫, સે-૨૨
- સ્વ. રાજપુત જનકબા ગોપાળજી ઉ.વ. ૫૭, પાલજ
- સ્વ. પટેલ શાંમળભાઇ જોરદાસ ઉ.વ. ૮૩, સે-૨૭
- સ્વ. ઠોકાર કાંતાબેન કચરાજી ઉ.વ. ૫૬, ચાંદીસણા, માણસા
- સ્વ. પરમાર ત્રિભોવનદાસ છનાભાઇ ઉ.વ. ૬૫, ડભોડા
- સ્વ. રાવલ સાહીલ કાંન્તિલાલ ઉ.વ. ૫૨, સે-૨૨
- સ્વ. રાઠોડ મંજુબેન ભગુભાઇ ઉ.વ. ૫૩, સે-૨૫

## જન્મદિને વધામણી



વિજયસિંહ વાળા
મો. ૯૨૭૬૧ ૫૫૭૭૧



રેખાબેન નિલેશકુમાર પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૫



કિન્નાબેન જાની



અનિતા ઢીંગરા



શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૮૮ ૧૩૬૭૭




રીવા દ્રોણકુમાર પંડ્યા



ધનુષ ભાવિક શુક્લ



બંસી દવે



જીઆંશ
વિવેક ત્રિવેદી